Prepp
Your Personal Exams Guide

# PART-IV

## LANGUAGE-I

## GUJARATI

| |
|---|
| સૂચના : ભાગ-IV (પ્ર. 91 થી 120 ) ફક્ત ગુજરાતી ભાષા-I નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા. |

**નીચેનો ફકરો વાંચી એમાંથી પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપો. (પ્ર. 91 થી 99)**

નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ ભારતના કેળવણીવિશ્વમાં એક આમૂલચૂલ પરિવર્તનનો હાથવગો દસ્તાવેજ છે. આ શિક્ષણનીતિનો પાયાનો ઉદ્દેશ ભારતકેન્દ્રી શિક્ષણ અને સંશોધનનો છે. વિવિધ સુધારા થકી સમાન, સમરસ અને ગતિશીલ સમાજનું નિર્માણ એ આ શિક્ષણનીતિમાં અંતર્નિહિત રહેલું છે. આ શિક્ષણનીતિ ભારતમાં જ વૈશ્વિક સ્તરનું શિક્ષણ ઉપલબ્ધ કરાવવા માટે રચવામાં આવી છે. દક્ષતા, દાયિત્વ, દૂરંદેશી અને દેશીવાદ પર આ શિક્ષણનીતિમાં ભાર મૂકવામાં આવ્યો છે. બુનિયાદી સાક્ષરતાથી માંડીને ઉચ્ચસ્તરીય ઈજનેરી શિક્ષણ સુધીના પાસાં આમાં આવરી લેવામાં આવ્યા છે. ન્યૂનતમ લાયકાતથી માંડીને નૂતન અભિગમ સુધીની સૂક્ષ્મ બાબતો પણ એમાં આવરી લેવાઈ છે. ઉપર જણાવ્યા મુજબના અનેક પરિવર્તન માટેના ઉપાયો પણ શિક્ષણનીતિમાં સુચારુ ઢબે સૂચવાયા છે. એથી એના અમલીકરણ માટે સૌ કેળવણીકારોએ કમર કસવી પડશે એટલું જ નહીં, વિદ્યાર્થીઓના સહયોગ અને એમની સક્રિય સહભાગીતા વિના આ શિક્ષણનીતિ સફળ નહીં થાય કારણ કે બે હાથ વિના તાળી પડતી નથી.

નવી શિક્ષણનીતિ યોજનાસભર, તર્કબધ્ધ, સમયબધ્ધ અને કટિબધ્ધ છે. એમાં કૌશલ્ય, હસ્તકલા, ભારતીય ભાષાઓ અને પારંપારિક જ્ઞાનનો મહિમાં કરવામાં આવ્યો છે. આ ઉપરાંત શિક્ષણના તબક્કા પણ વૈજ્ઞાનિક ઢબે સુનિશ્ચિત કરવામાં આવ્યા છે. બ્રિટિશ શિક્ષણ પ્રણાલીની પરંપરાને બદલીને એમાં ભારતીયતા અને વૈશ્વિકતાને ભારોભાર મૂલ્ય અને મહત્વ આપવામાં આવ્યા છે. નવી શિક્ષણનીતિ નૂતન અને નવચેતનસભર ભારતનું નિર્માણ કરશે અને ભારતને વિશ્વગુરુ બનાવવાની દિશામાં ગર્વભેર અગ્રસર કરશે એવી ખેવના સૌએ રાખવી રહી.

**91.** 'કમર કસવી પડશે' વાક્યમાં ક્યો પ્રયોગ છે ?
(1) ભાવેપ્રયોગ (2) તર્કશુદ્ધિ (3) નિપાતપ્રયોગ (4) રૂઢિપ્રયોગ

**92.** વૈજ્ઞાનિક પદ્ધતિ વડે નવી શિક્ષણનીતિમાં શું કરવામાં આવ્યું છે ?
(1) સુધારણા (2) અભિકલ્પના (3) તબક્કાનિર્ધારણ (4) પરિવર્તન

**93.** 'બે હાથ વિના તાળી પડતી નથી' એટલે કઈ અભિવ્યક્તિગત વિશેષતા થશે ?
(1) નિષેધવાક્ય (2) સંકુલવાક્ય (3) કહેવત (4) નિર્દેશવાક્ય

**94.** નવી શિક્ષણનીતિ છાત્રસમૂહ પાસેથી કઈ અપેક્ષા રાખે છે?
(1) સક્રિય સહભાગીતા (2) કૌશલ્યદક્ષતા (3) પરીક્ષાની (4) ઉચ્ચ ગુણાંકની

**95.** 'તર્કબદ્ધ' શબ્દ ક્યો સમાસ છે ?
(1) તત્પુરુષ (2) બહુવ્રીહિ (3) ઉપપદ (4) કર્મધારય

**96.** 'દક્ષતા, દાયિત્વ, દૂરંદેશી અને દેશીવાદ...' વાક્યમાં તમારી દષ્ટિએ કઈ વિશેષતા છે?
(1) નિષેધવાક્ય (2) સજીવારોપણ (3) વર્ણાનુપ્રાસ અલંકાર (4) દીર્ઘવાક્ય

**97.** 'ભારોભાર' શબ્દની વિશેષતા ઓળખાવો.
(1) અન્યોક્તિ (2) અલ્પોક્તિ (3) સમાસ (4) દ્વિરુક્તિ

**98.** 'ઉપર જણાવ્યા મુજબના' આ શબ્દસમૂહ માટે એક શબ્દ શોધો.
(1) ઉપર્યુક્ત (2) નિયુક્ત (3) નિમ્નાસુક્ત (4) નિમ્નાનુસારી

**99.** નવી શિક્ષણનીતિમાં શેને મહત્વ અને મૂલ્ય આપવામાં આવ્યા હોવાનું અહીં જણાવાયું છે ?
(1) વૈશ્વિકતા અને ભારતીયતા (2) ઈજનેરી શિક્ષણ
(3) સુધારો અને પરિવર્તન (4) ગુણાંક અને માનાંક

Prepp
Your Personal Exams Guide

**108.** ભાષાશિક્ષણ સંદર્ભે નીચેનામાંથી ક્યુ વિધાન ખોટું છે ?

(1) ભાષાશિક્ષણ એટલે અર્થઘટન.

(2) ભાષા શીખવા માટે વ્યાકરણ શિક્ષણ અનિવાર્ય છે.

(3) જો ભાષા સાથે એમનો પર્યાપ્ત સંબંધ જોડવામાં આવે તો બધા બાળકો સરળતાથી ભાષા શીખી શકે.

(4) ભાષાશિક્ષણ સમય માંગી લે છે.

**109.** **પ્રતિજ્ઞા (A) :** ભાષા હંમેશા સાંસ્કૃતિક જાગૃતિ અને અભિવ્યક્તિનો સમીક્ષાપરક અભિગમ ઘડે છે; જે બાળકોની એક મહત્વપૂર્ણ વિકાસક્ષમતા છે.

**પ્રમેય (R) :** સાંસ્કૃત્તિક જાગૃતિ અને અભિવ્યક્તિની સક્ષમતા બાળકોને ઓળખની જાગૃતિ, નિકટતા અને બીજી સંસ્કૃતિઓ તેમજ ઓળખને સ્વીકારવાની સંવેદના આપે છે.

નીચેના વિકલ્પોમાંથી **યોગ્ય** વિકલ્પ પસંદ કરો.

(1) **(A)** સાચું, **(R)** ખોટું છે.

(2) **(A)** ખોટું, **(R)** સાચું છે.

(3) **(A)** અને **(R)** બંને સાચા, **(R)** તે **(A)** નું યોગ્ય સ્પષ્ટીકરણ છે.

(4) **(A)** અને **(R)** બંને સાચા પણ, **(R)** તે **(A)** નું યોગ્ય સ્પષ્ટીકરણ નથી.

**110.** **પ્રતિજ્ઞા (A) :** પોર્ટફોલિઓ એટલે વિદ્યાર્થીના કામના ઉપયોગી અંશોનુ સંકલન.

કારણ **(R) :** પોર્ટફોલિઓ બાળકને એની ક્ષમતાઓ અને ઉણપોના મૂલ્યાંકન માટે પ્રેરણા આપે છે.

વિકલ્પોમાંથી **યોગ્ય** વિકલ્પ પસંદ કરો.

(1) **(A)** સાચું છે પણ **(R)** ખોટું છે.

(2) **(A)** ખોટું છે પણ **(R)** સાચું છે.

(3) **(A)** અને **(R)** બંને સાચા છે અને **(R)** તે **(A)** નું યોગ્ય સ્પષ્ટીકરણ છે.

(4) **(A)** અને **(R)** બંને સાચા છે પણ **(R)** તે **(A)** નું યોગ્ય સ્પષ્ટીકરણ નથી.

**111.** પાઠ્યપુસ્તકમાં વાર્તા, કવિતા, નાટક ઈત્યાદિ સ્વરૂપો હોય છે. આપણે આવી સામગ્રી પસંદ કરવી જોઈએ કેમ કે તે...

(1) પ્રસિદ્ધ લેખકો દ્વારા લખાયેલી હોય છે

(2) સરળ ભાષામાં લખાયેલી હોય છે

(3) નૈસર્ગિક ભાષામાં હોય છે અને અધિકૃત હોય છે

(4) પાઠ્યપુસ્તકમાં મૂકવાના હેતુથી જ લખાયેલી હોય છે

**112.** નીચેનામાંથી કઈ વાંચનની પેટાકૌશલ્ય બાબત નથી ?

(1) ચોક્કસ જરૂરી માહિતીનું સ્કેનિંગ

(2) દરેક શબ્દની જોડણીનું જ્ઞાન

(3) શબ્દભંડોળની સમજણ અને ચાવીરૂપ શબ્દનું ચયન

(4) અપરિચિત શબ્દનું અર્થઘટન અને ઉપયોગ

**113.** ભાષાવિકાસ માટેની કોગ્નિટિવ થિયરી શેનું સમર્થન કરે છે ?

(1) સમાજમાં વાતચીત અને આદાનપ્રદાન દ્વારા શીખવાનું

(2) બોલતા શીખે તે પહેલા બાળકની સમજણ કેટલી વિકસેલી છે તેના પર આધારિત

(3) વ્યક્તિની અમાપ ક્ષમતાનું

(4) ઈનામ અને સજા દ્વારા શિક્ષણનું

Prepp
Your Personal Exams Guide

**114.** ચિત્રોની બાબતમાં નીચેનામાંથી ક્યુ **ખોટું** છે?
પુસ્તકમાંના ચિત્રો અને રેખાંકનો...

(1) એમને આવા ચિત્રો દોરવાની તક આપે છે. (2) ભાષાને અપરિચિત અને સ્મૃતિગમ્ય રીતે પ્રસ્તુત કરવામાં સહાયક છે.
(3) સામગ્રીને સહાયક છે. (4) બાળકોનો રસ જાળવી રાખે છે.

**115.** નાની વયના બાળકો સંદર્ભે નીચેનામાંથી ક્યુ **સાચું** છે ?

(1) બહુ નાના બાળકો અમૂર્ત વિચારોને આંશિક રીતે સમજે છે.
(2) બહુ નાના બાળકો અમૂર્ત વિચારોથી પ્રેરિત થાય છે.
(3) બહુ નાના બાળકો અમૂર્ત વિચારો સમજે છે.
(4) નાના બાળકો અમૂર્ત વિચારોને કઠિન ગણે છે.

**116.** એક શિક્ષિકાએ પહેલા ધોરણના વિદ્યાર્થીઓને ભીંત પર એમની ઈચ્છા પડે એવા ચિતરામણ અને ચિત્રો દોરવાની તથા લખવાની છૂટ આપી. તેણી કઈ બાબતને પ્રોત્સાહન આપે છે ?

(1) લેખનદક્ષતાનો વિકાસ (2) વર્ણમાળાના અક્ષરો લખાવવાનો પ્રારંભ
(3) ત્વરિત સાક્ષરતા વિકાસ (4) આનંદ અને રમૂજ

**117.** એક શિક્ષિકાએ વિજ્ઞાનના નિયમો વિશેના પુસ્તકના વાંચન જેવા ભાષાના કેટલાક પરિમાણો શોધી કાઢયા. એણે ચોક્કસ પરિમાણોમાં મુશ્કેલી અનુભવતા વિદ્યાર્થીઓને અલગ તારવ્યા અને આ પ્રકારના પુસ્તકો વાંચવા અને સમજવામાં એમને મદદ કરવા માટે વિશેષ વર્ગો લીધા. આ પ્રવૃત્તિને શું કહેવાય ?

(1) વિચારદક્ષતા (2) પ્રતિપોષણ શિક્ષણ (3) ઉપચારાત્મક શિક્ષણ (4) ઉચ્ચ ક્રમિક દક્ષતા

**118.** વિદ્યાર્થીઓ દુકાનમાંથી ખરીદી કરવા માટે વ્યવહારુ ભાષાનો ઉપયોગ કરી શકે છે કે નહીં તેનું મૂલ્યાંકન કરવા માટે કઈ પદ્ધતિ યોગ્ય ગણશે ?

(1) દુકાનદાર અને ગ્રાહકો વિશેની વાર્તા વાંચવી
(2) દુકાનદાર અને ગ્રાહકોનું ચિત્ર દોરવું
(3) દુકાનદાર અને ગ્રાહકો વચ્ચેના ટૂંકા સંવાદો લખવા
(4) એમની ખોરાક પસંદગી નોંધવી

**119.** શિક્ષક તરીકે તમે વર્ગમાં વિદ્યાર્થીઓ વચ્ચે આદાનપ્રદાનની તક ઉપલબ્ધ કરાવવા માટે શું કરશો ?

(a) એમને વધુ પ્રશ્નો પૂછવા માટે પ્રોત્સાહિત કરશો
(b) જોડીકાર્ય અને જૂથકાર્ય યોજીને વિદ્યાર્થીઓનો અભિપ્રાય મેળવશો
(c) વ્યક્તિગત ધ્યાન આપી શકાય એ માટે એમને પાઠનું સસ્વર વાંચન કરવાનું કહેશો
(d) પરસ્પર સંવાદો વાંચીને વાતચીત અને પ્રશ્નોત્તરી કરાવશો

(1) (a), (b), (d) સાચાં છે. (2) (a), (c), (d) સાચાં છે.
(3) (a), (b), (c) સાચાં છે. (4) (b), (c), (d) સાચાં છે.

**120.** વિદ્યાર્થીઓના શબ્દભંડોળના વિકાસ માટે શિક્ષિકા અધિકૃત ભાષાસામગ્રીનો ઉપયોગ કરે છે જેનાથી વિદ્યાર્થીઓને સરળતા રહે છે. આ સામગ્રીને શું કહેવાય ?

(1) દ્વિભાષી શબ્દકોશ (2) ગ્રેડેડ રીડર્સ (3) અખબાર (4) રોલ કાર્ડ્ઝ

**125.** 'મુંબઈમાં મજૂર મુકાદમ' વાક્યમાં રહેલ અલંકાર શોધો.

(1) ઉપમા (2) ઉત્પ્રેક્ષા (3) વર્ણાનુપ્રાસ (4) રૂપક

**126.** 'થોડા સમય બાદ જ તેમને' વાક્યમાં રહેલા વિશેષ તત્વને ઓળખો.

(1) નિષેધવાક્ય (2) આજ્ઞાર્થવાક્ય (3) નિપાત (4) વિધેયવાક્ય

**127.** 'રાતદિવસ' શબ્દનો સમાસ ઓળખાવો.

(1) દ્વંદ્વ (2) તત્પુરુષ (3) કર્મધારય (4) દ્વિગુ

**128.** 'રાતોરાત' શબ્દ કેવો પ્રયોગ છે ?

(1) દ્વિરુક્તિ (2) અર્થજન્ય (3) ભાવેપ્રયોગ (4) રૂઢિપ્રયોગ

**નીચેનો ફકરો વાંચીને એમાંથી પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપો (પ્ર.129 થી 135)**

મોબાઈલ ફોન આજકાલ આપણા જીવનનો એક મહત્વપૂર્ણ સદસ્ય બની ગયો છે. તેનો ઉપયોગ સંચાર માટે થાય છે અને તેનાથી ઘણા ફાયદા થાય છે. જો કે, તે નુકસાન પણ કરી શકે છે. મોબાઈલની મીઠી મનાતી માયાજાળમાં એક વાર ફસાઈ ગયા પછી બહાર નિકળવું બહુ જ ખતરનાક થઈ શકે છે.

મોબાઈલથી ઘણાબધા ફાયદા થાય છે. આજે આપણે મોબાઈલ ફોન દ્વારા કોઈપણ વ્યક્તિ સાથે સરળતાથી વાતચીત કરી શકીએ છીએ. તે વ્યક્તિગત અને વ્યવસાયિક સંદેશાવ્યવહાર માટે પણ આરામદાયક છે. મોબાઈલ ફોન દ્વારા તમે વિવિધ વિષયો સાથે સંબંધિત માહિતી મેળવી શકો છો. ઈન્ટરનેટ દ્વારા માહિતીની ઉપલબ્ધતાને કારણે, તમે કોઈપણ વિષય વિશે શીખી શકો છો. વ્યાપાર માટે: આજે દુનિયા વ્યાપારની દૃષ્ટિએ ઘણી પ્રગતિ કરી રહી છે. મોબાઈલ ફોન વ્યવસાય માટે ખૂબ જ ઉપયોગી છે કારણ કે તમે તમારા ગ્રાહકો સાથે સંપર્કમાં રહી શકો છો અને તમારા વ્યવસાયને પ્રોત્સાહન આપી શકો છો. મોબાઈલ ફોન તમને સમય બચાવવામાં મદદ કરે છે. કોઈ પણ કામ કરતી વખતે તમે તમારા મોબાઈલ ફોનનો ઉપયોગ કરી શકો છો. આનાથી તમે સમય બચાવી શકો છો અને તમારું કામ પૂર્ણ કરી શકો છો. લાંબા સમય સુધી મોબાઈલ ફોનનો ઉપયોગ કરવાથી તમારી આંખોમાં સમસ્યા થઈ શકે છે. આ સિવાય વારંવાર મોબાઈલ ફોન જોવાથી માઈગ્રેન જેવી સમસ્યા થઈ શકે છે. વધુ પડતું મોબાઈલનું વ્યસન સ્વાસ્થ્ય ને નુકસાન પહોંચાડી શકે છે. મોબાઈલ ફોન તમારો સમય બગાડી શકે છે. ખબર નથી કે તમે તેના પ્રણયમાં કેટલો સમય ગુમાવો છો, જેના કારણે તમારું કામ અધૂરું રહી જાય છે. મોબાઈલ ફોનનો ઉપયોગ કરવાના કેટલાક સામાજિક ગેરફાયદા હોઈ શકે છે. સેલ ફોનના ઉપયોગથી તમારા સંબંધો તૂટી શકે છે અને તમે એકાંતવાસ અનુભવી શકો છો. મોબાઈલ ફોન તમારા માટે ખર્ચનું કારણ બની શકે છે કેમ કે એ જંગમ મિલકત છે. મોબાઈલ ફોનનો ઉપયોગ કરતી વખતે ગોપનીયતાનું જોખમ હોઈ શકે છે. મોટાભાગની એપ્સ ઈન્ટરનેટ પર તમારો ડેટા અને વ્યક્તિગત માહિતી સ્ટોર કરે છે જે હેકર્સ માટે સરળ બનાવી શકે છે. તેથી, તમારે તમારી ગોપનીયતાની કાળજી લેવાની જરૂર છે. મોબાઈલ ફોનના ઘણા ફાયદા છે. પરંતુ તે કેટલાક ગેરફાયદા સાથે પણ આવે છે. મોબાઈલ ફોનનો યોગ્ય ઉપયોગ જરૂરી છે.

**129.** મોબાઈલનો કેવો ઉપયોગ કરવો જોઈએ ?

(1) અપૂરતો (2) દિવસરાત (3) વિવેકપૂર્ણ (4) સુનિશ્ચિત

**130.** 'બહુ જ ખતરનાક' વાક્યમાં કઈ વિશેષતા છે ?

(1) સલાહ (2) નિપાત (3) ચેતવણી (4) ધમકી

Prepp
Your Personal Exams Guide

**131.** 'એકાંતવાસ' શબ્દ ક્યો સમાસ છે ?

(1) કર્મધારય (2) ઉપપદ (3) તત્પુરુષ (4) દ્વિગુ

**132.** મોબાઈલ ફોનના ઉપયોગ વખતે શેની ખેવના અનિવાર્યતઃ લેવી જોઈએ ?

(1) ખર્ચની (2) આંખોની (3) ખાનગીપણાની (4) સમયની

**133.** 'જંગમ' શબ્દનો વિરોધાર્થી શબ્દ શોધો.

(1) ગંજાવર (2) મુજાવર (3) સંગમ (4) સ્થાવર

**134.** 'નિત્ય' શબ્દનો સમાનાર્થી શોધો .

(1) સખ્ય (2) ક્વચિત (3) સદૈવ (4) પ્રીત્ય

**135.** 'મોબાઈલની મીઠી મનાતી માયાજાળ' માં કઈ વિશેષતા છે ?

(1) રૂપક (2) વિધેયવાક્ય (3) વર્ણાનુપ્રાસ (4) નિષેધવાક્ય

**136.** બાળકોને વાર્તા કહેવા સંદર્ભે નીચેનામાંથી ક્યુ **ખોટું** છે ?

''વાર્તા સાંભળવાથી બાળકોને __________ માં મદદ મળે છે.''

(1) સમસ્યાઉકેલ દક્ષતાના વિકાસમાં

(2) જીવનમાં અનુસરવા જેવા નવા મૂલ્યો શીખવામાં

(3) નવા શબ્દો શીખવામાં અને શબ્દભંડોળના વિસ્તારમાં

(4) વાક્યરચના શીખવામાં

**137.** શિક્ષકે પાઠએકમના મુદ્દા વિશે ઉપયોગી હોય એવો એક વિડિયો શોધીને એના પર જોડીકાર્યનું આયોજન કર્યું. આનાથી વિદ્યાર્થીઓને કઈ બાબતમાં પ્રોત્સાહન કે ઉત્તેજન મળશે ?

(1) શિક્ષક વિના સ્વતંત્ર રીતે કામ કરવામાં (2) ભાષાજાગૃતિના વિકાસમાં

(3) પોતાના કામના મૂલ્યાંકનમાં (4) સાથે મળીને ઝડપી કામ કરવામાં

**138.** એક વાર્તાસંગ્રહ અને અન્ય ગદ્યકૃતિઓ ભાષાશિક્ષણ માટે સૂચવવામાં આવી જેનો પૂરક વાચન તરીકે ઉપયોગ કરવાનો છે. પૂરક વાચનનો મુખ્ય હેતુ શો છે?

(1) નૈતિક મૂલ્યો શીખવવાનો (2) વિસ્તૃત વાચનને પ્રોત્સાહન આપવાનો

(3) બહુભાષાવાદને પ્રોત્સાહન આપવાનો (4) સઘન વાચનને પ્રોત્સાહન આપવાનો

Prepp
Your Personal Exams Guide

**145.** **પ્રતિજ્ઞા (A):** ચિત્રકામને પ્રાથમિક સાક્ષરતાનો આરંભ માનવામાં આવે છે.
**પ્રમેય (R):** ચિત્રો પ્રતીકાત્મક અને અર્થસભર હોય છે.
વિકલ્પોમાંથી **યોગ્ય** વિકલ્પ પસંદ કરો.
(1) **(A)** સાચું છે પણ **(R)** ખોટું છે.
(2) **(A)** ખોટું છે પણ **(R)** સાચું છે.
(3) **(A)** અને **(R)** બંને સાચા છે અને **(R)** તે **(A)** નું સાચું સ્પષ્ટીકરણ છે.
(4) **(A)** અને **(R)** બંને સાચા છે પણ **(R)** તે **(A)** નું સાચું સ્પષ્ટીકરણ નથી.

**146.** એક ભાષાકાર્ય (ટાસ્ક) માટે શિક્ષિકા વિવિધ પ્રકારની ક્ષમતાવાળા વિદ્યાર્થીઓનું મિશ્ર જૂથ રચે છે. એનો હેતુ શો છે ?
(1) વિદ્યાર્થીઓને એકબીજાની મદદ કરવા માટે પ્રેરિત કરવાનો
(2) શિક્ષિકા બધા ઉપર ધ્યાન નથી આપી શકતી એટલે એનો કાર્યભાર વહેંચી દેવાનો
(3) નબળા વિદ્યાર્થીઓની ઓળખ કરવાનો
(4) વિદ્યાર્થીઓને મુક્ત અભિવ્યક્તિ માટે અનુકૂળતા કરી આપવાનો

**147.** બાળક એક વાર્તા પોતાના શબ્દોમાં ફરી કહે તો તેથી શેનું મૂલ્યાંકન કરી શકાય ?
(1) ગ્રહણશક્તિ (2) સ્મૃતિ (3) ચોક્સાઈ (4) પ્રવાહિતા

**148.** **નિવેદન (A) :** ઉપચારાત્મક શિક્ષણ એ શીખવા-શીખવવાની પ્રક્રિયાનો આંતરિક હિસ્સો છે.
કારણ **(R) :** ઉપચારાત્મક શિક્ષણ એટલે પુન:શિક્ષણ જેમાં વિદ્યાર્થીઓ સરખી રીતે ન ભણ્યા હોય એવા ભાષાઘટકો અલગ પદ્ધતિથી ભણાવવામાં આવે.
નીચેના વિકલ્પોમાંથી **યોગ્ય** પસંદ કરો.
(1) **(A)** સાચું છે, **(R)** ખોટું છે.
(2) **(A)** ખોટું છે, **(R)** સાચું છે.
(3) **(A)** અને **(R)** બંને સાચા છે, **(R)** તે **(A)** નું યોગ્ય સ્પષ્ટીકરણ છે.
(4) **(A)** અને **(R)** બંને સાચા છે, પણ **(R)** તે **(A)** નું યોગ્ય સ્પષ્ટીકરણ નથી.

**149.** મિનિમલ પેર ડ્રીલ કઈ બાબતને સુધારવા માટેની યોગ્ય પદ્ધતિ છે ?
(1) ઉચ્ચાર (2) સંક્ષેપ વાંચન (3) વ્યાકરણ (4) શબ્દભંડોળ

**150.** બુનિયાદી તબક્કો હોય ત્યારે બાળકો અનુકૂળતાથી અને ઉત્તમ ઢબે ત્યારે શીખે જ્યારે...
(1) ગૃહભાષામાં ભણાવાય (2) અંગ્રેજી માધ્યમમાં ભણાવાય
(3) માધ્યમ તરીકે ભાષા હોય (4) રાજભાષામાં ભણાવાય

- o O o -

